**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**DATE: 30-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**DAY : WEDNESDAY** **NATIONAL NEWS**

**નમસ્કાર,આકાશવાણી,**

**OPENING SIGNATURE TUNE**

**સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ઇસરોએ નિસાર-ઉપગ્રહને સફળતાપૂર્વક અવકાશમાં છોડ્યો

2) રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચામાં ભાગ લેતા ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, પહલગામ હુમલો લશ્કર-એ-તૈયબાએ કર્યો હતો.

3) લોકસભાએ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનને 13મી ઓગસ્ટથી વધુ છ મહિના માટે લંબાવવાના કાયદાકીય ઠરાવને મંજૂરી આપી

4) ઓપરેશન સિંદૂર દરમિયાન ડિજિટલ મીડિયાના એક હજાર 400 થી વધુ વેબ સરનામાને બ્લોક કરવામાં આવ્યા

5) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 1 ઓગસ્ટથી ભારતીય આયાત પર 25 ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી

6) ઓસ્ટ્રેલિયાએ 16 વર્ષથી નીચેની વયનાં બાળકો માટે પ્રતિબંધિત સોશિયલ મિડિયા પ્લેટફોર્મમાં યુ-ટ્યુબનો ઉમેરો કર્યો

.................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# ISRO-NISAR

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ઇસરોએ આજે સિન્થેટિક અપેર્ચર રડાર ઉપગ્રહ—નિસારને સફળતાપૂર્વક અવકાશમાં છોડ્યો હતો. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર ઇસરોએ જણાવ્યું કે , આંધ્રપ્રદેશમાં શ્રીહરિકોટાના સતીષ ધવન અવકાશ કેન્દ્રથી G.S.L.V. F—16 રૉકેટથી ઉપગ્રહ છોડવામાં આવ્યો હતો. આ ઇસરો અને અમેરિકાની અવકાશ સંસ્થા- નાસાનું આ સંયુક્ત અભિયાન છે.

આ અભિયાનનો ઉદ્દેશ પ્રત્યેક બાર દિવસે સમગ્ર પૃથ્વી અને તેની આંતરીક ગતિવિધિઓનું નજીકથી નિરીક્ષણ કરવાનો છે. તેનાથી આબોહવા પરિવર્તન સંશોધન અને આપત્તિ પ્રતિભાવ માટે ઉચ્ચ ગુણવત્તાની છબીઓ અને આંકડા મળશે.

# New RS-OPERATION SINDOOR

રાજ્યસભામાં આજે બીજા દિવસે પહલગામ આતંકવાદી હુમલા બાદ ઓપરેશન સિંદૂર પર ચર્ચા ફરી શરૂ થઈ હતી. ચર્ચામાં ભાગ લેતા ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે , પહલગામ હૂમલો લશ્કર-એ-તૈયબાએ કર્યો હતો. તેમણે જણાવ્યું કે , ઓપરેશન મહાદેવ અંતર્ગત હૂમલામાં સામેલ ત્રણેય આતંકવાદીને ઠાર કરવામાં આવ્યા છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઓપરેશન સિંદૂરને રોકવા માટે મધ્યસ્થતાના દાવાને નકારી કાઢતા કહ્યું હતું કે 22 એપ્રિલથી 16 જૂન સુધી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર કોઈ વાતચીત થઈ નથી. તેમણે કહ્યું કે કોઈ પણ વિશ્વ નેતાએ ભારતને ઓપરેશન રોકવા માટે કહ્યું ન હતું.

રાજ્યસભામાં ગૃહના નેતા જે પી નડ્ડાએ ચર્ચામાં ભાગ લેતાં પહલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી હતી. તેમણે કહ્યું કે આતંકવાદી હુમલાના દિવસે ગૃહમંત્રી અમિત શાહ શ્રીનગર પહોંચ્યા હતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સાઉદી અરેબિયાની મુલાકાત ટૂંકાવી દીધી હતી. આ દર્શાવે છે કે સરકાર કેટલી સંવેદનશીલ છે. શ્રી નડ્ડાએ સશસ્ત્ર દળો અને સુરક્ષા એજન્સીઓની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

(BYTE JP NADDA)

રાષ્ટ્રીય જનતા દળના મનોજ ઝાએ કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા એક સૂત્ર નથી પરંતુ એક નૈતિક ફરજ અને જવાબદારી છે. ચર્ચામાં કોંગ્રેસના અખિલેશપ્રસાદ સિંહ અને રેણુકા ચૌધરી, બીજેડીના નિરંજન બિશી, સમાજવાદી પાર્ટીનાં જયા બચ્ચન, શિવસેના (યુબીટી)નાં પ્રિયંકા ચતુર્વેદી અને સંજય રાઉત, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના ડોક્ટર જ્હોન બ્રિટાસ, ભાજપના સતનામ સિંહ સંધુએ પણ ભાગ લીધો.

રાજ્યસભામાં હાલ ચર્ચા ચાલુ છે.

## LS- MANIPUR

લોકસભાએ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનને 13મી ઓગસ્ટ , 2025થી વધુ છ મહિના માટે લંબાવવાના કાયદાકીય ઠરાવને મંજૂરી આપી છે. ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે મણિપુરમાં 13 ફેબ્રુઆરી, 2025ના રોજ લાદવામાં આવેલા રાષ્ટ્રપતિ શાસનને લંબાવવા માટે ગૃહની મંજૂરી માંગતો ઠરાવ રજૂ કર્યો હતો.

ઠરાવ પર ચર્ચાનો જવાબ આપતા શ્રી રાયે કહ્યું કે મણિપુરમાં છેલ્લા આઠ મહિનામાં હિંસાની માત્ર એક જ ઘટના બની છે જેમાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. જોકે, છેલ્લાં ચાર મહિનામાં મણિપુરમાં હિંસાનો એક પણ કેસ નોંધાયો નથી.
કામકાજ પૂર્ણ થયા બાદ નીચલા ગૃહને દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું હતું.

## REVISE PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (એઇમ્સ) , કલ્યાણીના પ્રથમ પદવીદાન સમારોહમાં હાજરી આપી હતી.

સુશ્રી મુર્મુએ આ પ્રસંગે જણાવ્યું કે , સંસ્થામાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ ગરીબો અને વંચિતોનાં આરોગ્યની સંભાળ રાખવાની છે.

આ પ્રસંગે આયુષ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ સરકાર ભારતમાં વિશ્વ કક્ષાની તબીબી સુવિધા માટે કામ કરી રહી છે.

# J&K - NARCOTICS PACKET RECOVER

જમ્મુ-કાશ્મીરમાં પોલીસે કઠુઆ જિલ્લામાં સરહદ પારથી ડ્રોન દ્વારા ફેંકવામાં આવેલા માદક દ્રવ્યો ધરાવતું પેકેટ જપ્ત કર્યું છે. આકાશવાણી જમ્મુ સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે ગઈકાલે સાંજે હીરાનગર વિસ્તારમાં ડ્રોન દ્વારા કવરમાં લપેટેલું પેકેટ ફેંકવામાં આવ્યું હોવાની સ્થાનિકોની શંકાને પગલે કાર્યવાહી કરતા કે પોલીસ અને સરહદ સલમાતી દળે આજે પેકેટ જપ્ત કર્યું છે.

આ પેકેટમાં 400 ગ્રામ નાર્કોટિક્સ મળી આવ્યું છે. આ સંદર્ભમાં એફઆઇઆર દાખલ કરવામાં આવી છે.

# SHIVRAJ- PM KISAN 20TH INSTALLMENT

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (પીએમ-કિસાન) યોજનાનો  20મો હપ્તો 2જી ઓગસ્ટના રોજ છુટો કરવામાં આવશે. આ કાર્યક્રમનું નેતૃત્વ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશના વારાણસીમાં કરશે.  આ સંબંધમાં આજે નવી દિલ્હીમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી અને મહત્તમ ખેડૂતો સુધી તેનો લાભ પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં શ્રી ચૌહાણે અધિકારીઓને આ કાર્યક્રમ સાથે રાષ્ટ્રીય , રાજ્ય, જિલ્લા અને ગ્રામ સ્તરના ખેડૂતોને જોડવાની સૂચના આપી હતી અને આ કાર્યક્રમને રાષ્ટ્રવ્યાપી

અભિયાન તરીકે આયોજિત કરવા હાકલ કરી હતી. તેમણે દેશભરના ખેડૂતોને પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# WEBSITE BLOCKED

સરકારે કહ્યું છે કે ખોટી અને સંભવિત હાનિકારક માહિતીનો પ્રચાર કરવા બદલ ઓપરેશન સિંદૂર દરમિયાન ડિજિટલ મીડિયાના એક હજાર 400 થી વધુ વેબ સરનામા-URLને બ્લોક કરવામાં આવ્યા છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું કે,

તેમણે કહ્યું કે , સરકારે ખોટી અને ગેરમાર્ગે દોરનારી માહિતીના ફેલાવાને નિયંત્રિત કરવા માટે તમામ શક્ય પગલાં લીધાં હતાં. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે , ઓપરેશન સિંદૂર દરમિયાન મોટા પાયે નકલી સમાચાર , ખોટી માહિતી અને પ્રચાર અભિયાનો ચલાવવામાં આવ્યા હતા, જે મોટાભાગે ભારતની બહારથી હતા.

# US TARIFF INDIA

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા 1 ઓગસ્ટથી ભારતીય આયાત પર દંડ સાથે 25 ટકા ટેરિફ લાદશે.

તેમણે દાવો કર્યો હતો કે ભારતની ટેરિફ વિશ્વમાં સૌથી વધુ છે અને અન્ય કોઈ પણ દેશની તુલનામાં દેશમાં "સૌથી સખત અને અપ્રિય બિન-નાણાકીય વેપાર અવરોધો" પણ છે.

તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે અમેરિકા ભારત સાથે ભારે વેપાર ખાધ ધરાવે છે.

અમેરિકાનાં રાષ્ટ્રપતિએ ખાસ કરીને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ભારત દ્વારા રશિયન શસ્ત્રો અને ઊર્જાની સતત ખરીદીની પણ ટીકા કરી હતી

## AUSTALIAN YOU TUBE BAN

ઓસ્ટ્રેલિયાએ 16 વર્ષથી નીચેની વયનાં બાળકો માટે પ્રતિબંધિત સોશિયલ મિડિયા પ્લેટફોર્મમાં યુ-ટ્યુબનો ઉમેરો કર્યો છે. કિશોરોને નુકસાનકારક ઓનલાઇન કન્ટેન્ટથી બચાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આલ્ફાબેટની માલિકીની યુટ્યુબ ચેનલને અગાઉ શૈક્ષણિક ઉપયોગને કારણે પ્રતિબંધમાંથી બાકાત રાખવામાં આવી હતી , પણ 37 ટકા કિશોરો યુ-ટ્યુબનું નુકસાનકારક કન્ટેન્ટ જોતાં હોવાનો સર્વે પ્રસિધ્ધ થયા બાદ તેનાં પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

નવેમ્બરમાં અમલમાં આવેલા કાયદા અંતર્ગત દેશમાં કિશોરો માટે ફેસબુક , ઇન્સ્ટાગ્રામ, ટિકટોક અને સ્નેપચેટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ નિયમનું પાલન ન કરનાર કંપીઓ પર 50 મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર સુધીનો દંડ કરવામાં આવે છે.

## SENSEX AND RUPEE

## અને હવે આર્થિક જગતનાં સમાચાર

સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો સતત બીજા દિવસે સાધારણ વધારા સાથે બંધ રહ્યા હતા. બીએસઇ સેન્સેક્સ પોઇન્ટ 144 પોઇન્ટ વધીને 81 હજાર 482 પર બંધ રહ્યો હતો, જ્યારે એનએસઇ નિફ્ટી-ફિફ્ટી 34 પોઇન્ટ વધીને 24 હજાર 855 પર બંધ રહ્યો હતો.

મિડ કેપ ઇન્ડેક્સ અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ 0.17 ટકા વધ્યા હતા.

બીએસઇમાં 21માંથી 11 ક્ષેત્રીય સૂચકાંકો વધીને બંધ રહ્યા હતા.

વિદેશી હૂંડિયામણ બજારમાં અમેરિકન ડોલર સામે રૂપિયો 15 પૈસા ઘટીને 86 રૂપિયા અને 81 પૈસા પર બંધ રહ્યો હતો.

## LEGENDS CHAMPIONS

ઇન્ડિયા ચેમ્પિયન્સે ગુરૂવારે પાકિસ્તાન સામે રમાનારી લીજન્ડ્સ વર્લ્ડ ચેમ્પિયન્સશિપની સેમિફાઇનલમાં ભાગ લેવાનો ઇનકાર કર્યો છે અને પોતાનાં કટ્ટર હરીફો સામે સ્પર્ધાત્મક મેચોમાં ન જોડાવાનો અગાઉનાં વલણને જાળવી રાખ્યું છે.

ઇન્ડિયા ચેમ્પિયન્સે મંગળવારે તેની છેલ્લી ગ્રૂપ મેચમાં વેસ્ટ ઇન્ડિઝ ચેમ્પિયન્સને હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

અગાઉ, ભારતનાં ખેલાડીઓ અને સ્પર્ધાના મુખ્ય પ્રાયોજકનાં ભારે વિરોધને પગલે ભારત-પાકિસ્તાન વચ્ચેની લીગ તબક્કાની મેચ સત્તાવાર રીતે મોકૂફ રાખવામાં આવી હતી.

## RUSSIA – EARTHQUAKE

રશિયાના કામચત્કા દ્વિપકલ્પમાં 8.8ની તીવ્રતાના ભૂકંપને પગલે પ્રશાંત મહાસાગરના દેશોમાં આપવામાં આવેલી સુનામીની ચેતવણી હળવી કરવામાં આવી છે. ફિલિપાઇન્સે કેટલાંક તટીય વિસ્તારોમાં સુનામીની ચેતવણી હટાવી લીધી છે , જ્યારે જાપાને કાન્તો અને વાકાયમા માટેની ચેતવણી ઘટાડી છે. અધિકારીઓએ

જણાવ્યું હતું કે, હજુ પણ સુનામીનાં મોજાં આવી રહ્યા છે. તેમણે કાંઠાનાં વિસ્તારોનાં લોકોને ઉંચાઈ વાળા વિસ્તારોમાં અથવા આશ્રય સ્થાનમાં ખસી જવા સલાહ જારી કરી છે.

અગાઉ આજે સવારે રશિયામાં પ્રચંડ ભૂકંપને પગલે રશિયા , જાપાન અને હવાઇનાં કેટલાંક ભાગોમાં સુનામીનાં મોજાં ઉછળતા અન્ય 12 દેશો માટે ચેતવણી જારી કરવામાં આવી હતી.

જાપાનમાં 19 લાખથી વધુ લોકોને કાંઠા વિસ્તારોમાંથી ખસી જવા જણાવાયું છે. અમેરિકાના તટ રક્ષકે હવાઇ ટાપુ પરનાં બંદરો બંધ કરી દીધા છે અને કેટલીક ફ્લાઇટ્સને અન્ય માર્ગો પર વાળી છે. ચીન , ઇન્ડોનેશિયા, ન્યૂઝીલેન્ડ, પેરુ અને ઇક્વેડોરનાં ટાપુઓએ સુનામી ચેતવણી જારી કરી હતી.

દરમિયાન, સાન ફ્રાન્સિસ્કોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે ભારતીય નાગરિકોને સ્થાનિક સત્તાવાળાઓની ચેતવણીનું પાલન કરવા સલાહ આપી છે.

# 123

અમેરિકા અને ચીનના ટોચના અધિકારીઓની સ્ટૉકહોમ ખાતે ચાલે લી બે દિવસની વાટાઘાટ પૂર્ણ થઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પુલ/પ્રવેશ અડિએચા - દિપક